ISSN : 2321 : 2160
International Peer-Reviewed Refereed Journal

# Ayudh

Impact Factor : 5.5
Vol-1
March - 2026
130th Issue

Editor
Mr. Rohit Parmar

# ડાંગ જિલ્લાનાં પ્રાકૃતિક અને ઐતિહાસિક પ્રવાસન સ્થળો

અરુણભાઈ બી. ગાવિત
એસોસિએટ પ્રોફેસર,
ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ, ગાંધીનગર

**પ્રસ્તાવના**

રામાયણ કાળનું દંડકારણ્ય વર્તમાનમાં ડાંગ જિલ્લા તરીકે આગવી ઓળખ ધરાવે છે. તત્કાલીન સમયે ભગવાન રામ
દંડકારણ્યમાં આવીને શબરી માતાને દર્શન આપ્યા હતાં. શબરીમાતા જ્યાં રહેતાં હતાં તે સ્થળ આજે સુબિર નામે પ્રચલિત છે.
સ્વ. જુ.કાકાએ આજના સુબિરના આજુબાજુના વિસ્તારને શબરીવન ગણાવ્યો છે. આજના ડાંગ જિલ્લામાં ગાઢવી, દહેર, લીંગા,
વાસુરણા અને પીંપરીના પાંચ ભીલરાજાઓ તેમજ કિરલી, શિવબારા, ચિંચલી, કડમાળ, વાડિયાવન, બિલબારી અને ગારખડીના
નવ નાયકોનું રાજ હતું.

શિવાજી મહારાજે ઈ.સ. 1664 માં ડાંગ જિલ્લાના સરહદે સાલેર તેમ જ સોનગઢનાં કિલ્લા પરથી સુરતની લૂંટ કરી
હતી. ઈ.સ. 1770 માં ગાયકવાડ સરકારના પ્રતિનિધિ ગોવિંદ વાસુદેવ અને તેમની પત્ની ગોહિનીબાઈ ડાંગ પ્રદેશની વાટાઘાટો
કરવા આવ્યા ત્યારે તેમને ડાંગના ભીલ રાજાએ હાથગઢના કિલ્લામાં કેદ કર્યાં હતાં. આ સમયમાં અહીં ઘણી લૂંટફાંટ થતી હતી.
ઈ.સ. 1818 માં બ્રિટિશરોએ ડાંગમાં આવીને અહીંની પ્રજાને ભરપૂર અનાજ આપવાની લાલચ આપી લૂંટફાંટ બંધ કરવાના
પ્રયત્ન કર્યા હતા. છેવટે ઈ.સ. 1823 માં અંગ્રેજ સલતનતની સેનાએ ડાંગમાં પ્રવેશ કરી ડાંગી રાજાઓને નમાવ્યા અને અહીં
અંગ્રેજોના પગ વધુ મજબૂત કર્યા હતા.

ઈસ્ટઇન્ડિયા કંપનીના નૌકાદળને ઈમારતી લાકડાની જરૂર ઉભી થતાં ઈ.સ. 1842 માં ડાંગી ભીલ રાજાઓ પાસેથી
જંગલો પટ્ટા પર લીધાં. ઈ.સ. 1878 પછી બ્રિટિશ સત્તાવાળાઓએ અહીંનાં જંગલો ડાંગી પ્રજાની કુહાડીમાંથી બચાવવા માટે ભીલ
રાજાઓને પૈસા આપીને પણ ડાંગના આ અમૂલ્ય જંગલોને બચાવી લીધાં હતાં. ડાંગના જંગલો સાગ માટે ખૂબ જ પ્રખ્યાત છે.

અશ્મયુગના પ્રાચીન હથિયારો તેમ જ પુરાતત્ત્વ ખાતાની શોધખોળ દરમિયાન ત્રણ શિવમંદિર, સ્થાપત્યકલાનાં
અવશેષો પણ મળી આવેલાં છે. શિવમંદિરનાં શિલ્પો, ગણપતિ તેમજ બ્રહ્મા-બાબાની મૂર્તિ અને થાંભલાઓ પરનું કોતરકામ
૧૫મી સદી પૂર્વેનું હોવાનું અનુમાન છે. લગભગ પાંચમી સદીની નૃસિંહઅવતારની મૂર્તિ પણ અહીંથી મળી આવેલી છે. આવા
પ્રકારની શિલ્પકલાઓનો બેનમૂન નમૂનો ડાંગ જિલ્લામાં જોવા મળે છે.

ઈ.સ. 1960 માં દ્વિભાષી મુંબઈ રાજ્યમાંથી ગુજરાત એક અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું. ગુજરાત રાજ્યની
જેમ જ આજનો ડાંગ જિલ્લો પણ મુંબઈ રાજ્ય સાથે જોડાયેલ હતો. અહીં પણ ભાષાવાદ હતો. ડાંગના સ્વાતંત્ર્યસેનાની સ્વ. શ્રી
છોટુભાઈ નાયકની દૂરંદેશીથી ડાંગ ગુજરાત રાજ્યને મળ્યું. તેનો સંપૂર્ણ યશ સ્વ. શ્રી છોટુભાઈ નાયકને તેમ જ 'ડાંગ સ્વરાજ
આશ્રમ'ને આભારી છે.

**ભૌગોલિક સ્થિતિ**

ડાંગ જિલ્લો સહ્યાદ્રી પર્વતોની હારમાળાઓથી ઘેરાયેલો છે. અહીં મૈદાની પ્રદેશ નહીવત બરાબર છે. ખાસ કરીને પૂર્વ
દિશામાં ઉંચા ઉંચા ડુંગરો આવેલા છે. પીપલાઈદેવી રેન્જમાં 4321 ફૂટની દરિયાની સપાટીથી ઉંચાઈવાળા ડુંગરો આવેલાં છે.
સમગ્ર ડાંગ જિલ્લો ગીરા, પૂર્ણા અને અંબિકા નદીની વચ્ચેના વિસ્તારોથી વહેંચાયેલો છે. અહીંની નદીઓનો પ્રવાહ પૂર્વથી પશ્ચિમ
તરફના અરબી સમુદ્રને મળે છે. ડાંગ જિલ્લામાંથી નિકળતી પૂર્ણા નદી સાલેર મુલેરના ડુંગરોમાંથી નીકળે છે. જ્યારે સાપુતારાનાં
ડુંગરોમાંથી નિકળતી નદીઓ વઘઈના વાટી ગામ પાસે અંબિકા નદીને મળી જાય છે. જયારે ગીરાનદી મહારાષ્ટ્રમાંથી નીકળીને

અહીં નદી સ્વરૂપે આવી છે. સમગ્ર ડાંગ જિલ્લો વન્ય સંપત્તિથી ભરપૂર છે, અહીંના જંગલો ખડકાળ ડુંગરો અને ખીણોથી ભરપૂર છે. જંગલોચ્છાદિત પ્રદેશ કે જ્યાં કુદરતે ભરપૂર સૌંદર્ય વેર્યું છે.

ડાંગ જિલ્લો ગુજરાતના દક્ષિણ છેડે સહ્યાદ્રીની પર્વતમાળાઓના પશ્ચિમ ઢોળાવ પર છે. ઉત્તરે સુરત જિલ્લાના વ્યારા અને સોનગઢ તથા મહારાષ્ટ્રનો નવાપુર તાલુકો આવેલો છે. જ્યારે પૂર્વમાં ધુલિયા જિલ્લો આવેલો છે. તેમ જ નાશિક જિલ્લોનો વિસ્તારથી સંકળાયેલ છે. પશ્ચિમ દિશામાં નવસારી જિલ્લાનો વાંસદા તાલુકો આવેલો છે. જિલ્લો 20.39 ઉ. અક્ષાંશ અને 73.29 પૂર્વ રેખાંશવૃતોમાં સમાયેલો છે. જમીનની ફળદ્રુપતાની દષ્ટિએ આ પ્રદેશની જમીન ઘણી જ નબળી કક્ષાની ગણાય છે. જમીનમાં અમ્લતાનું પ્રમાણ વધુ હોવાથી વરસાદ પછી જમીન અતિ કઠણ થઈ જાય છે. ડાંગ જિલ્લામાં સામાન્ય રીતે વધુમાં વધુ ઉષ્ણતામાન 37.4 સે. અને ન્યૂનતમ 11.1 સે. જેટલું રહે છે. જ્યારે ઉનાળામાં ઘણીવાર 44 સે. ઉષ્ણતામાન પણ નોંધાય છે.

સમગ્ર ડાંગ જિલ્લો વનસંપત્તિની દૃષ્ટિએ ઘણો જ સમૃદ્ધ વિસ્તાર છે. જે 1798 ચો. કિ.મી. માં પથરાયેલો છે. જેમાં 829.99 ચો.કિ.મી. પ્રોટેક્ટેડ ફોરેસ્ટ તરીકે અને 845.57 ચો.કિ.મી.નો વિસ્તાર રિઝર્વ ફોરેસ્ટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. અહીંનાં જંગલોમાં જુદી જુદી જાતનાં વૃક્ષોમાં મુખ્ય સાગનાં વૃક્ષોનું 30 ટકા વાવેતર કરવામાં આવેલ છે. અને સીસમ, બીયો, ખેર અને સાદડાંના વૃક્ષો 13.2 ટકા જેટલા જોવા મળે છે. અહી વાંસનાં જંગલો પણ આવેલાં છે, જેમાં સામાન્ય રીતે કલમ, કાન્તી, નાના બંદરો, કીલાઈ અને સીરીઝો નામના વાંસ પશ્ચિમ વિભાગમાં જોવા મળે છે. વન્ય પ્રણીઓમાં ખાસ કરીને વાઘ, ચિત્તો, દીપડો, હરણ, સાબર, ભેખર, ચિત્તલ, ડુક્કર, સસલાં તેમ જ અનેક જાતના સાપ જેવાં વન્ય પ્રાણીઓ જોવા મળે છે.

- **પ્રાકૃતિક સ્થળો**

ડાંગ જિલ્લો એક ઐતિહાસિક સ્થાન ધરાવે છે. અહીં જોવાલાયક કેટલાંક પ્રાકૃતિક પ્રવાસન સ્થળો આવેલાં છે. જેનો વર્તમાનમાં ગુજરાત પ્રવાસન ખાતાએ ઘણો વિકાસ કર્યો છે. અહીં ગુજરાતમાંથી જ નહીં પરંતુ ભારતભરના લોકો ડાંગ જિલ્લાનાં પ્રાકૃતિક પ્રવાસન સ્થળોની મુલાકાતે આવે છે.

**બોટનિકલ ગાર્ડન-વઘઈ**

ડાંગ જિલ્લાના વઘઈથી એક કિ.મી.નાં અંતરે સાપુતારા તરફ જતાં બોટનિકલ ગાર્ડન આવેલ છે. જે 24 હેક્ટર વિસ્તારમાં પથરાયેલ છે. આ ગાર્ડન નવ જેટલા પ્લોટોમાં વિભાજિત થયેલ છે. આ ગાર્ડનને 'વનસ્પતિ ઉદ્યાન' તરીકે પણ વિકસાવવામાં આવેલ છે, આથી તે ભારતભરમાં પ્રખ્યાત થયેલ છે. આ ગાર્ડનમાં 1028 જાતની વનસ્પતિઓ ઉછેરવામાં આવેલ છે. તદુઉપરાંત ફૂલછોડ અને વિવિધ પ્રકારની વેલીઓથી ઉછેરવામાં આવેલ છે, જેનાથી ગાર્ડન અત્યંત રમણીય લાગે છે, જે પ્રવાસીઓનું મન હરી લે છે. આ ગાર્ડનમાં મેડીસનલ પ્લોટ, ગ્રીનહાઉસ, આર્કિટ હાઉસ, ગાર્ડન ફુવારા, બાંબુ પ્લોટ, મ્યુઝીયમ, તળાવમાં ફરતા ફુવારા, વગેરે બોટનિકલ ગાર્ડનનાં મુખ્ય આકર્ષણો છે.

**ગીરાધોધ-વઘઈ**

ડાંગ જિલ્લાના સાપુતારા વિસ્તારનાં ડુંગરોમાંથી નીકળીને વઘઈથી સાપુતારા રસ્તા પર વઘઈ બૉટનિકલ ગાર્ડનના પાછળનાં ભાગે આવેલ અંબિકા નદી પર આ ધોધ આવેલ છે. જે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આ ધોધ જોવા માટે જાહેર રજા અને શનિ-રવિ દરમિયાનનાં દિવસોમાં કુદરતનું સૌંદર્ય માણવા પ્રવાસીઓની ભારે ભીડ ઉમટતી હોય છે. અહીં વઘઈથી નજીકમાં આવેલ ઉમરખાડીનો ધોધ પણ જોવાલાયક ધોધ છે.

ડાંગ જિલ્લાનું મુખ્ય મથક આહવાથી મહારાષ્ટ્રના નવાપુર તરફ જતાં સિંગાણા ગામનાં પશ્ચિમ દિશામાં એક બીજો ગીરાધોધ પણ આવેલ છે. તેની ઊંચાઈ લગભગ 200 થી 250 ફૂટ છે. આ ધોધમાં બારેમાસ પાણી રહે છે, ઉનાળાની ઋતુમાં ધોધ પડતો નથી પરંતુ જુલાઈ મહિનાથી માર્ચ મહિના સુધી પાણીનો ધોધ પડતો જોવા મળે છે. આ પણ એક પ્રવાસન સ્થળ તરીકે ખુબજ પ્રખ્યાત થયેલ સ્થળ છે.

**મહાલકોટનાં રળિયામણા જંગલો**

ડાંગ જિલ્લામાં આવેલ 'મહાલનો કોટ'નાં જંગલોને સરકારે વાઘ અને સાબર માટેનું અભ્યારણ તરીકે જાહેર કરેલ છે તેમ છતાં મહાલ કોટનાં જંગલોમાં અનેક જાતના પ્રાણીઓ વસે છે. આ અભ્યારણમાં હરણ, સસલાં, વાંદરા તેમ જ વિવિધ પક્ષીઓ વસવાટ કરે છે. અહીંના જંગલ વિસ્તારમાં આવેલ 'કેળનું વાંગણ' નામના જંગલમાં શ્રીરામ અને સીતાએ વસવાટ કર્યો હતો. જ્યાં વર્તમાનમાં ચંદનના વૃક્ષો પણ જોવા મળે છે. શ્રીરામ શબરીમાતાનાં દર્શને સુબિર ગામે આ જંગલના 'ચમક' ડુંગર ચઢીને સુબિર ગયા હતા એવું કહેવાય છે. આમ મહાલકોટનું જંગલએ ડાંગ જિલ્લાનું સૌથી મોટું અને ગાઢ જંગલ તરીકે જાણીતું છે, જે અદભૂત અને રમણીય સૌદર્ય ધરાવે છે.

**સીતામાતાનું વન**

ડાંગ જિલ્લામાં આવેલ વાડયાવન ગામની પૂર્વ દિશામાં 'સીતામાતાનું વન' નામથી ઓળખાતું જંગલ આવેલું છે. અહીં શ્રીરામ, સીતામાતા અને રામના ભાઈ લક્ષ્મણ તેમનાં 14 વર્ષના વનવાસ દરમિયાન આ વનમાં જ રહ્યાં હતાં એવું માનવામાં આવે છે. અહીં ભગવાન શ્રીરામ અને સીતામાતાનાં પાવનકારી પગલાં પણ એક પત્થર પર કોતરાયેલાં મોજુદ છે. જે આજે પણ યથા સ્થિતિમાં જોવા મળે છે, જેનાં દર્શન કરી પ્રવાસીઓ ધન્યતા અનુભવે છે. આ વનમાં 'ઢાકણપાણી' નામનો પાણીનો ઉંડો ઝરો પણ આવેલો છે.

- **ઐતિહાસિક સ્થળો**

ડાંગ જિલ્લો એક ઐતિહાસિક સ્થાન ધરાવે છે. અહીં જોવાલાયક કેટલાંક ઐતિહાસિક પ્રવાસન સ્થળો આવેલાં છે. જેનો વર્તમાનમાં ગુજરાત પ્રવાસન ખાતાએ ઘણો વિકાસ કર્યો છે. અહીંનાં ઐતિહાસિક પ્રવાસન સ્થળો જોવા માટે ગુજરાતમાંથી જ નહીં પરંતુ ભારતભરના લોકો ડાંગ જિલ્લાનાં ઐતિહાસિક પ્રવાસન સ્થળોની મુલાકાતે આવતા હોય છે.

**ગિરિમથક-સાપુતારા**

ડાંગ જિલ્લામાં આવેલ સાપુતારા ગુજરાત રાજ્યનું એક ગિરિમથક છે. એક એવી લોક વાયકા છે, કે અહીં આવેલ તળાવની પૂર્વ દિશામાં ફેણ ઉંચી કરેલા સાપની આબેહૂબ આકાર-કૃતિ ધરાવતો કુદરતની અજાયબી સમાન એક બેનમૂન પત્થરશિલામાંથી બનાવેલનો સાપ હતો. લોકો હોળીના ધાર્મિક તહેવાર પ્રસંગે આ સાપની પૂજા કરતા હતા. તેથી આ સ્થળ સાપુતારા નામથી જાણીતું થયું હોવાનું મનાય છે. સાપની પ્રતિ-કૃતિ આજે પણ અહીં જોવા મળે છે. જેને અહીંના લોકો 'સાપુતારાનો સાપ' તરીકે ઓળખે છે.

સાપુતારા દરિયાની સપાટીથી 872.5 મીટરની ઉંચાઈ ધરાવે છે. અહીં સૂર્યોદય, સૂર્યાસ્ત, પ્રતિધ્વની બિંદુ (ઈકોપોઈંટ), સીમા દર્શન, હનુમાન શિખર, સરદાર શિખર અને ગાંધી શિખરો આવેલાં છે. તેના પરથી સમગ્ર ગિરિમથક-સાપુતારાનું નૈસર્ગિક દર્શન થાય છે. અહીં મધમાખી ઉછેર કેન્દ્ર, સાપ-ઉતારાનો સાપ, મ્યુઝિયમ, આયુર્વેદિક વનસ્પતિ ઉદ્યાન કેન્દ્ર, ત્રિફળાવન, અંબિકા દર્શન, શિવાલય, વનકુટિર જેવાં અનેક જોવાલાયક સ્થળો આવેલાં છે.

સાપુતારા મથકે એક ઋતુંભરા કન્યાવિદ્યાલય પણ આવેલું છે. આ સંસ્થાના સંચાલક પૂ. પૂર્ણિમાબેન પકવાસાને શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે રાષ્ટ્રપતિ પારિતોષિક પણ પ્રાપ્ત થયેલ છે. આ સંસ્થામાં કન્યાઓને ધોરણ 8 થી 12 સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. મહિલાઓના શિક્ષણ માટે કામ કરતી આ સંસ્થામાં તત્કાલીન વડાપ્રધાન સ્વ. શ્રી મોરારજીભાઈ દેસાઈ આવ્યા હતા તેમણે આ સંસ્થાનાં એક મકાનનું ઉદ્ઘાટન કર્યું હતું. શિક્ષણ ક્ષેત્રમાં બહુઆયામી અને વિવિધલક્ષી પ્રવૃત્તિઓ ચલાવવાનાં કારણે આ સંસ્થા ગુજરાત અને પડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં ઘણી જ સુપ્રસિદ્ધ બની ગઈ છે.

**રૂપગઢનો કિલ્લો**

ડાંગ જિલ્લાના રૂપગઢ ઉપર શિવાજી મહારાજે એક તળાવ બંધાવ્યું હતું. 1961-62 માં અહીં એક તોપ પણ હતી. રૂપગઢના ફરતે શિવાજીના સમયકાળમાં પત્થરોની દિવાલ બાંધવવામાં હાતી. રૂપગઢ પરથી ડાંગને અડીને આવેલ સોનગઢ

કિલ્લાનાં દર્શન થાય છે. અહીંના સ્થાનિક નિવાસીઓ પાસે એવી એક લોકવયકા સાંભળવા મળે છે કે શિવાજી મહારાજ રૂપગઢથી ભોંયરા મારફતે સોનગઢ-કિલ્લામાં જતા હતા. ડાંગ જિલ્લામાં આવેલ રૂપગઢ એ પ્રાચીન કિલ્લો છે.

**કવાડેનો ગઢ (કવાડિયો-ગઢ)**

ડાંગ જિલ્લામાં કવાડેની માવલી(માતા)ની યશગાથા ખૂબજ શ્રદ્ધાભાવથી ગાવામાં આવે છે. અહીં એક એવી લોકવયકા છે કે આ માતા ખૂબજ ઓછા સમયમાં પ્રસન્ન થાય છે, તેથી ગુજરાત અને મહારાષ્ટ્રભરમાંથી અહીં લોકો માનતા માનવા આવે છે. જે લોકોની માનતા ફળે છે તે લોકો દર પોષ માસની પૂનમે આ ગઢને પરણવા અહીં આવે છે. માનતામાં અહીંથી જે પાણી લઈ જવામાં આવે છે તે ફક્ત માતાના માન ખાતર જ લઈ જવાય છે. અહીં કોઈ પણ પ્રકારની બલી ચઢાવવામાં આવતી નથી. આ ગઢના અંદરના ભાગમાં વાઘ અને માતાજીના નૂપુરની રણકારવાળો આબેહૂબ અવાજ સંભળાય છે. આ ગઢના અંદર પ્રવેશ કરવા માટે ઘીનો દીવો લઈને જવું પડે છે જેનાથી લોકોની શ્રદ્ધા અને સુરક્ષા સચવાય છે.

**ખાતળનું શિવમંદિર**

ડાંગ જિલ્લામાં આવેલ ખાતળ ગામે ખોદકામ કરતાં એક શિવમંદિર મળી આવ્યું હતું. અહીં એક મોટું ભોંયરું પણ આવેલું છે. ખોદકામથી મળેલ મૂર્તિ પર 'તાનાજી' એવું નામ લખેલું જોવા મળે છે. તાનાજીએ છત્રપતિ શિવાજી મહારાજના પ્રિય સેનાપતિ હતા. આ લખાણના આધારે એવું માનવામાં આવે છે કે, શિવાજી મહારાજ ખાતળ મંદિરનાં ભોંયરામાંથી રૂપગઢના કિલ્લામાં જતા હશે. રૂપગઢના કિલ્લામાં આરામ કર્યા બાદ રૂપગઢના ભોંયરામાંથી સોનગઢના કિલ્લામાં જતા હશે. અને ત્યાંથી સુરત જેવા મોટા શહેરોની લૂંટ કરી અંગ્રેજોને થાપ આપી પાછા પોતાના સ્થાને પહોંચી જતા હશે. અહીં દર વર્ષે ગણેશચતુર્થી અને શિવરાત્રીની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીમાં આજુબાજુના વિસ્તારોમાંથી અસંખ્ય લોકો દર્શનાર્થે ઉમટી પડે છે.

**ભેંસકાતરી નજીક માયાદેવી**

ડાંગ જિલ્લાના ભેંસકાતરી ગામ નજીક માયાદેવીનું સ્થાન આવેલું છે. અહીં સાક્ષાત્ જગદંબાની મૂર્તિ આવેલી છે. એવું માનવામાં આવે છે કે મદ્રાસના એક મૂળવતની અહીં ડાંગ જિલ્લામાં રેંજફોરેસ્ટ ઓફિસર તરીકી કામ કરતા હતા તેમને આ માતાના દર્શન થયા હતાં. માયાદેવીની મૂર્તિ પાસેથી પાણીનો એક ઝરો બારેમાસ વહે છે, જે લોકોની શ્રદ્ધાનું પ્રતિક છે. શિવરાત્રીના દિવસે અહીં ઘણાં ભાવિક લોકો માયાદેવીનાં દર્શને આવે છે. સરકારના પ્રવાસન ખાતા દ્વારા શિવરાત્રીના દિવસોમાં પોલીસ બંદોબસ્ત પણ કરવામાં આવે છે. આજે માયાદેવીના જીર્ણોદ્ધાર ટ્રસ્ટ રચવામાં આવેલ છે, તેના થકી અહીં પૂર ઝડપે વિકાસ થઈ રહ્યો છે.

**શબરીબાઈનું સ્થાન**

રામયણની દંતકથા અનુસાર ભગવાન રામનાં દર્શનની પ્યાસી શબરીબાઈ એક જંગલથી બીજા જંગલમાં ભટકતી-ભટકતી ડાંગ જિલ્લાનાં સુબિર ગામ નજીક મોખામાળના 'ચમક' ડુંગર પર આવીને વસ્યાં હતાં. અહીં શભરીબાઈએ એક ઝૂંપડી બનાવીને વર્ષો સુધી રામનું તપ કર્યું હતું. પરિણામે શબરીબાઈને ભગવાન રામના દર્શન અહીં થયા હતાં. આજે પણ 'ચમક' ડુંગર ઉપર શભરીબાઈની શિલા-મૂર્તિ જોવા મળે છે. આ પવિત્ર શબરીબાઈ-સ્થાનના વિકાસાર્થે અહીં શબરી ટ્રસ્ટ મંડળની રચના કરવામાં આવી છે.

અહીં એવી પણ એક માન્યતા લોકો પાસેથી સાંભળવા મળે છે, કે ભગવાન રામ પંચવટીમાંથી શબરીબાઈને દર્શન આપવા માટે ઘોડેસવારી કરીને અહીં આવ્યા હતા. તે ઘોડેસવારીના ઘોડાનાં પગલાં પણ સુબિરગામ નજીક પાથુરણી ગામે જોવા મળે છે. અહીંના લોકો અને પ્રવાસીઓ તેને ખૂબ જ પવિત્ર પગલાં મને છે. આ પગલાંનાં દર્શન-પૂજા કરી લોકો પોતાની જાતને સાક્ષાત દર્શન પ્રાપ્ત થયાનો અનુભવ કરે છે.

**મહાદેવનું મંદિર**

ડાંગ જિલ્લાના ચીંચલી ગામથી પૂર્વ દિશામાં આવેલ સાલેર ડુંગરમાંથી નીકળતી પૂર્ણા નદીનું ઉદ્ગમ સ્થાન આવેલું છે. ત્યાં મહાદેવજીનું જૂનું પુરાણું એક મંદિર આવેલું છે. અહીં શિવરાત્રિના દિવસે ખૂબજ મોટો મેળો ભરાય છે. આ મેળામાં લોક

મહેરામણ ઉમટે છે, મહાદેવજીનાં મંદિરના બરાબર બાજુમાં જ એક જૂનો કૂવો પણ આવેલો છે. તેમાંથી આજે આજુ-બાજુના ગામોને પાણી પૂરું પાડવામાં આવે છે, તેમ છતાં પણ પાણીનો જથ્થો ઓછો થતો નથી. જે લોકોની શ્રદ્ધાનો વિષય બન્યો છે. આ કૂવાની પવિત્ર અને અવિરત જલધારાથી રીતે આ મંદિરનું ખૂબ જ પ્રસિદ્ધિ પામ્યું છે.

**કનસરીયો ગઢ**

કનસરીયો ગઢ પિપલદહાડથી પશ્ચિમ દિશામાં સાવરખલ ગામથી થોડા અંતરે જંગલની ઝાડીમાં એક ઉંચી ટેકરીની ગુફામાં આવેલો છે. જેને કનસરીયા ગઢને અહીંના લોકો અન્નપૂર્ણા માતાજી તરીકે ઓળખે છે. અહીં ડિસેમ્બર થી ફેબ્રુઆરીના સમયગાળા દરમિયાન ખૂબજ શ્રદ્ધાભાવથી માતાજીનું પૂજન કરવામાં આવે છે. અહીંના લોકોમાં એવી માન્યતા છે કે માતાજીને જુદાં જુદાં અને ભતભતનાં અનાજ ચઢાવવાથી માતાજી અનાજ ઉત્પાદનમાં બરકત આપે છે. તેથી એહીંના લોકો અન્નપૂર્ણા માતાજીને અનેક પ્રકારનાં અનાજ ચઢાવે છે. અહીંના લોક અને આજુબાજુના વિસ્તારના લોકો શ્રદ્ધા પૂર્વક દર પુનમે માતાજીનાં દર્શને આવે છે આ દિવસે અહીં લોકો પૂજા-અર્ચના કરે છે અને આખી રાત અહીંના પ્રચલિત જુદાં-જુદાં પ્રકારનાં વાજિંત્રો વગાડીને નાચ-ગાન કરીને માતાજીને પ્રસન્ન કર્યાનો આનંદ મેળવે છે.

**પાંડવા ગુફા**

ડાંગ જિલ્લાના ચીંચલી ગામ તરફ જતાં પાંડવા ગામથી પશ્ચિમ દિશાએ ડુંગરોની હારમાળામાં પાંડવગુફા આવેલી છે. પાંડવગુફાના અવશેષો આજે પણ યથાસ્થિતિમાં જળવાઈ રહ્યાં છે. આ પાંડવગુફામાં પાંચ ખંડો(ઓરડા) જોવા મળે છે, એમાં એક મોટો ખંડ જે ભીમનો ખંડ તરીકે ઓળખવામાં આવે છે. એવી લોકવાયકા છે કે પાંડવો તેમના ભાર વર્ષના વનવાસ દરમિયાન અહીં નિવાસ કર્યો હતો. આ પાંડવગુફા ગુફાની લંબાઈ આશરે 40 થી 50 ફૂટ જેટલી છે. આ ગુફાના નામ પરથી જ અહીંના ગામનું નામ પાંડવા પડયું હતું. આ ઉપરાંત એવી પણ એક લોકવાયકા છે કે પાંડવો તેરમા વરસે છૂપાવેશે અહીંના જંગલોમાં ફરતા હતા, ત્યારે કૌરવોનું લશ્કર તેમને શોધતાં શોધતાં 'લશ્કરીયા' ગામે થોભ્યું હતું. અને 'લશ્કરીયા' ગામથી આગળનું ગામ ચૌક્યા છે. પાંડવોને શોધવા કૌરવોના લશ્કરે પહેરો (ચોકી) આ ચૌક્યા ગામે ભર્યો હતો. આમ અહીંના પાંડવા, લશ્કરીયા અને ચૌક્યા જેવા ગામોના નામ પણ દંતકથાઓ પ્રમાણે જ જોવા મળે છે.

ડાંગ જિલ્લામાં આવેલ ઉપરોક્ત દર્શાવેલ પ્રાકૃતિક અને ઐતિહાસિક સ્થળો ઉપરાંત સેંદવગઢ, સેંદોડભવાની, દેવથાણ, ભીસ્યા ડેમ, લીંગા, અંજન કુંડ, બોરખલ, બોરખેતના વૃક્ષહનુમાનજી જેવાં નાનાં-મોટાં જોવાલાયક અનેક સ્થળો આવેલાં છે. આ દરેક સ્થળોની માન્યતાઓ અને દંતકથાઓ પ્રમાણે એક અનોખી અને આગવી વિશેષતાઓ જોવા મળે છે.

**સંદર્ભ**

ચિતળે, ડી. બી. (1978). *ડાંગ એક સમ્યક્ દર્શન.* આહવા : જિલ્લા પંતાયત.
દેસાઈ, ડી. એમ. (1959). *મુબઈ રાજ્યમાં શિક્ષણ સંચાલનના પ્રવાહો.* મુબઈ : એ.આર.શેઠની કંપની.
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન. (1999). *ડંડકારણ્ય ખજાનો.* વઘઈ : લેખક.
માહિતી ખાતુ ગુજરાત રાજ્ય. *ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ.* ગાંધીનગર : લેખક.